## વિષય:- વિજ્ઞાન ધોરણ:-૬ સત્ર:-૧

### પાઠ – 3 પદાર્થોનું અલગીકરણ યુનિટ ટેસ્ટ કુલ ગુણ ૨૫

..............................................................................................

**પ્રશ્ન ૧ નીચેના પ્રશ્નોના જવાબ લખો**

**14**

પ્રશ્ન 1. શા માટે આપણે મિશ્રણના વિવિધ ઘટકોને અલગ કરીએ છીએ? બે ઉદાહરણ આપો.

પ્રશ્ન 2. ઊપણવું એટલે શું? તે ક્યારે વપરાય છે?

પ્રશ્ન 3. રસોઈ કરતાં પહેલાં કઠોળમાંથી ફોતરાં તથા રજકણોને તમે કઈ ‘ રીતે દૂર કરશો?

પ્રશ્ન 4. ચાળવું એટલે શું? તે ક્યારે વપરાય છે?

પ્રશ્ન 5. રેતી અને પાણીના મિશ્રણને તમે કઈ રીતે અલગ કરશો?

પ્રશ્ન 6. ઘઉંના લોટમાં મિશ્ર થયેલી ખાંડને તમે અલગ કરી શકો? જો હા, તો કઈ રીતે કરશો?

પ્રશ્ન 7. ડહોળા પાણીના નમૂનામાંથી ચોખ્ખું પાણી કઈ રીતે મેળવશો?

ઉત્તર:

**પ્રશ્ન 2. ખાલી જગ્યા પૂરો: 4**

પ્રશ્ન 1. ચોખાના દાણાને ગૂંડાથી અલગ કરવાની પદ્ધતિને એ ________ કહે છે.

પ્રશ્ન 2. જ્યારે ગરમ કરીને ઠંડા કરેલા દૂધને કાપડના ટુકડા પર રેડવામાં આવે છે, ત્યારે કાપડના ટુકડા પર મલાઈ રહી જાય છે. મલાઈથી દૂધને અલગ કરવાની આ રીતને ___________ કહે છે.

પ્રશ્ન 3. દરિયાના પાણીમાંથી મીઠું ___________ પદ્ધતિથી મેળવવામાં આવે છે.

પ્રશ્ન 4. જ્યારે ડહોળા પાણીને વાસણમાં આખી રાત રહેવા દેવામાં આવે છે ત્યારે

અશુદ્ધિઓ તળિયે બેસી જાય છે. ચોખ્ખું પાણી પછી ઉપરથી કાઢી લેવામાં આવે છે. આ ઉદાહરણમાં અલગીકરણની ____________ પદ્ધતિ ઉપયોગમાં લેવાઈ છે.

**પ્રશ્ન 3. ખરું કે ખોટું?** **4**

પ્રશ્ન 1. પાણી અને દૂધના મિશ્રણને ગાળણ વડે અલગ કરવામાં આવું છે.

પ્રશ્ન 2. દળેલું મીઠું અને ખાંડના મિશ્રણને ઊપણવાની ક્રિયા વડે અલગ કરી શકાય છે.

પ્રશ્ન 3. ચામાંથી ગાળણ વડે ખાંડ અલગ કરી શકાય છે.

પ્રશ્ન 4. અનાજ અને ફોતરાં નિતારવાની પદ્ધતિ વડે અલગ કરી શકાય છે.

**પ્રશ્ન 3. લીંબુના રસ અને ખાંડને પાણીમાં મિશ્રણ કરવાથી લીંબુ શરબત બને છે. તેને ઠંડું કરવા માટે તમે તેમાં બરફ ઉમેરો છો. તમારે શરબતમાં ખાંડ ઓગાળ્યા પછી બરફ ઉમેરવો જોઈએ કે પહેલાં? કઈ પરિસ્થિતિમાં વધુ ખાંડ ઓગાળવી શક્ય બનશે?**

**3**

shikshansagar.com The King of Education શિક્ષણ સાગર